# ટેલેન્ટ મેનેજર (પ્રતિભા વ્યવસ્થાપક)

ટેલેન્ટ મેનેજર, મનોરંજન ઉદ્યોગમાં કલાકારોની વ્યાવસાયિક કારકિર્દીને માર્ગદર્શન આપવા માટે જવાબદાર છે. ટેલેન્ટ મેનેજરનું મુખ્ય કામ ગ્રાહકો માટે પોતાના સંપર્કો અથવા મીડિયા સંપર્કોનો ઉપયોગ કરીને સફળ કારકિર્દી સુનિશ્ચિત કરવાનું છે. ટેલેન્ટ મેનેજર્સ સામાન્ય રીતે મનોરંજન, કલા, રમતગમત અથવા વ્યાવસાયિક પ્રસારણ ઉદ્યોગોમાં કાર્યરત વ્યાવસાયિકો જેમ કે, એથ્લેટ્સ, અભિનેતાઓ, મોડેલો, હાસ્ય કલાકારો, ગાયકો, બેન્ડ્સ, સંગીતકારો અને અન્ય કલાકારોનું પ્રતિનિધિત્વ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે એક ટીમ તરીકે સારી રીતે કામ કરી શકો છો
- તમારી વિગતો પર ઝીણવટભરી નજર રાખો છો
- તમે વ્યાવસાયિક સંબંધો કેળવવામાં અને તેને જાળવી રાખવા સક્ષમ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૬,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. ત્યારબાદ, મીડિયા મેનેજમેન્ટ/સિનેમેટોગ્રાફી/ફિલ્મમેકિંગ/ફિલ્મ અને વિડીયો ડિઝાઇન, અથવા કોઈપણ સમાન વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

- કોઇ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. ત્યારબાદ, મીડિયા મેનેજમેન્ટ / સિનેમેટોગ્રાફી / ફિલ્મમેકિંગ / ફિલ્મ અને વિડીયો ડિઝાઇનમાં સ્નાતકની ડિગ્રી મેળવો. ત્યારબાદ, જનસંપર્ક અથવા કોઈપણ સંબંધિત વિષયમાં MA/ MBA જેવી અનુસ્નાતક ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ટેલેન્ટ મેનેજરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૩૦,૭૫૦ થી ૧,૬૬,૬૬૬*** જેટલું હોય છે.

સ્રોત : https://www.payscale.com/research/IN/Job=Talent_Acquisition_Manager/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ. તમે તમારી પોતાની કંપની શરૂ કરી શકે છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. સામાન્ય રીતે કામના કલાકો સવારે ૯ થી સાંજે ૫ની વચ્ચે હોવા જોઈએ પરંતુ ઘણીવાર વધારે કલાક કામ કરવાની જરૂર પડે છે. તમારી પાસેથી એક કરતા વધારે ગ્રાહકોને સેવાઓ પુરી પાડવાની અપેક્ષા રાખવામાં આવે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક → પ્લાનર → સુપરવાઈઝર → કોમ્યુનિકેશન ડિરેક્ટર → મેનેજિંગ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટેલેન્ટ મેનેજર, ટેલેન્ટ એક્વિઝિશન મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મીડિયા મેનેજમેન્ટ/ફિલ્મ નિર્માણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાણી લક્ષ્મીબાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ગ્વાલિયર
૨. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝ, દેવી અહિલ્યા યુનિવર્સિટી, ઈન્દોર
૩. કેરળ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટુરીઝમ એન્ડ ટ્રાવેલ સ્ટડીઝ, તિરુવનંતપુરમ
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશિયલ વેલફેર એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા (પી.જી. ડિપ્લોમા)
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. માખનલાલ ચતુર્વેદી નેશનલ યુનિવર્સિટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશન, ભોપાલ
૭. પંજાબી યુનિવર્સિટી, પટિયાલા ( મીડિયા સ્ટડીસ, એમ.બી.એ.)
૮. એજ્યુકેશન મલ્ટીમીડિયા રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, (ડિ.એ.વી.વી.), ઈન્દોર
૯. કુશાભાઉ ઠાકરે પત્રકારિતા અવામ જનસંચાર વિશ્વવિદ્યાલય, રાયપુર
૧૦. આઈ.આઈ.એમ., અમદાવાદ (કેટમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. કે.પી.બી. હિન્દુજા કોલેજ ઓફ કોમર્સ, હિન્દુજા કોલેજ મુંબઈ
૩. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઇડા
૪. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૫. સ્કૂલ ઓફ બ્રોડકાસ્ટિંગ એન્ડ કોમ્યુનિકેશન, મુંબઈ
૬. પ્રિન્સ એલ.એન. વેલિંગકર ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ, મુંબઈ
૭. હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, ચેન્નાઈ
૮. ચિત્કારા બિઝનેસ સ્કૂલ, પટિયાલા
૯. ધ હેરિટેજ એકેડેમી, કોલકાતા
૧૦. એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અનુજ મહેતા** ભારતના ટોચના સેલિબ્રિટી મેનેજરોની યાદીમાં છે. તેઓ રેપિડ કિંગ્સ ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની, મુંબઈના સ્થાપક અને માલિક છે, જે ભારતની અગ્રણી મેનેજમેન્ટ કંપનીઓમાંની એક છે. રેપિડ કિંગ્સ ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની મહારાષ્ટ્ર, મુંબઈમાં આવેલી છે. રેપિડ કિંગ્સ ટેલેન્ટ મેનેજમેન્ટ કંપની વિશ્વના અગ્રણી બોલિવૂડ અભિનેતાઓ, અભિનેત્રીઓ, ગાયકો, હાસ્ય કલાકારો, ટીવી કલાકારો અને નૃત્યકારોને સેવાઓ પૂરી પાડે છે. કરિશ્મા કપૂર, મંદિરા બેદી, દિલીપ જોશી, સાહિલ ખાન જેવા પ્રખ્યાત કલાકારો સહિત અન્ય ઘણાં લોકો રેપિડ કિંગ્સ ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીના ગ્રાહકો છે.*

સ્રોત : https://icytales.com/list-of-top-celebrity-manager-in-india/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.